# Media Release

Reliance
Industries Limited

<u>અખબારી યાદી</u>

## ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી ડેવલપમેન્ટ બોર્ડમાં પરિમલ નથવાણીની નિમણૂંક

**૨ જૂન ૨૦૧૧ :** *ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ડેવલપમેન્ટ બોર્ડમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રૂપ પ્રેસિડેન્ટ તથા રાજ્ય સભા સાંસદ શ્રી પરિમલ નથવાણીની સભ્યપદે નિમણૂંક કરવામાં આવી છે. આ નિમણૂંક પાંચ વર્ષની મુદત માટે છે. જામનગરની જગવિખ્યાત ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેન તરીકે યુનિવર્સિટીના કુલાધિપતિ છે. ગુજરાત રાજ્યના મહામહીમ રાજ્યપાલશ્રી હોદ્દાની રૂએ યુનિવર્સિટીના કુલાધિપતિ છે. શ્રી નથવાણીએ ૨૭ મે ૨૦૧૧ના કુલપતિશ્રીને ઉદ્દેશીને લખેલા પોતાના પત્ર દ્વારા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સિન્ડિકેટની સભામાં આ નિમણૂંક અંગેના લેવાયેલા નિર્ણયનો સહર્ષ સ્વીકાર કર્યો છે અને તે માટે સૌનો આભાર વ્યક્ત કર્યો છે. તેમણે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે સદા પ્રયત્નશીલ રહેવાની મંશા પણ પત્ર દ્વારા વ્યક્ત કરી છે.*

★ ★ ★

Refinery Division: Village Meghpar/Padana, Taluka Lalpur, Dist. Jamnagar, Gujarat -361 280
Phone : +91-288-2321065, Fax : +-91-288-2321098